શ્રી રામકબીર ભક્ત સમાજ



પરલોક

# પ્રસ્થાન

પ્રસંગે

## સ્મરણાંજલિ

# માતૃ વંદના



સ્વ. સવિતાબેન ભુલાભાઈ ભકત



શ્રી ભુલાભાઈ મકનજી ભકત

## સૌજન્ય

રમેશભાઈ ભુલાભાઈ ભકત

હર્ષાબેન રમેશભાઈ ભકત

ગામ : દેરોદ

# પ્રાસ્તવિક

આત્મીય... ભક્ત પરિવારજનો

રામ કબીર.,

ભક્ત સમાજની એક પ્રણાલિ રહી છે કે ઉલ્લાસનો પ્રસંગ હોય કે શોકનો પ્રસંગ, ભજન અને કિર્તન દ્વારા અભિવ્યક્તિ અને એક બીજાને મળવાનું થાય ત્યારે પરસ્પર સામ સામે "રામકબીર" દ્વારા અભિવાદન

કિર્તન મિતિ કે પ્રાર્થના સભા પ્રસંગે કિર્તનના પદો અને ભજનો ગવાય છે. આ પદો એકસૂત્રમાં ગવાય એ સમયાનુસાર જરૂરી છે. આ અભિવ્યક્તિને એક સુત્રતામાં વણી લેવા માટે હાલ અમેરીકા સ્થિત દેરોદના

**મોનીલકુમાર રમેશભાઈ ભક્ત**

**સપનાબેન મોનીલકુમાર ભક્ત**

**કિયાન મોનીલકુમાર ભક્ત**

દ્વારા આ પુસ્તિકા **સ્વ. સવિતાબેન ભુલાભાઈ ભક્ત** ના સ્મણાર્થે દેરોદગામ ને અર્પણ કરવામાં આવી છે.

આ પુસ્તિકા દેરોદ ગામના ભક્ત સમાજને જે આપણી પ્રાર્થનાની અભિવ્યક્તિ ને એક સૂત્રમાં બાંધવામાં ઉપકારક નિવડશે.

# કિર્તનનાં પદો

## સવારના ૮ થી ૧૧ ના સમય દરમ્યાન ગાવાના પદો

### પદ - ૧

રાગ :- આશાવરી

રામ રામ મનકી આશા પાઉં, તાસે કાયા નગર બસાઉ..ટેક
સોલા[૧] ખાઈ દશ દરવાજા,[૨] બાવન[૩] બન્યા હૈ કીંગોરા;
ત્રણસે સાઠ[૪] વાકો શિરા લગા, કોટ બન્યા ચોફેરા....૧
પાંચ[૫] પ્રધાન કિયે વશ અપને, પ્રજા[૬] દુઃખી ન હોય;
ચેતન[૭] પુરુષ કરે કોટવાળી, નગર ન લુંટે કોઈ....૨
ગઢ પર રાજા[૮] રાજ કરત હૈ, નિશદિન પૂરત દુહાઈ;[૯]
કામ ક્રોધ દોઉ ગરદન મારે, ઐસી અદલ ચલાઈ....૩
જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઓ;
દાસ કબીર ચઢે ગઢ ઉપર, જીત નિશાન બજાઈ....૪

૧ સોલા - સોળ આની કે ફરતે માયાની ખાઈ
૨ દરવાજા - આંખ, કાન, નાક, મોઢું, ગુદા,
મૂત્રપિંડ, દુંટી અને બ્રહ્મરંધ્ર એ દસ કાણાં છે, દરવાજા છે.
૩ બાવન - કુલ શરીરના હાડકાઓ
૪ સાઠ - ૩૬૦ મુખ્ય રક્તવાહિનીઓ
૫ પાંચ - ઈન્દ્રિયો તે પાંચ પ્રધાન
૬ પ્રજા - સત્તાવીસ હજાર કરોડ કોષો
૭ ચેતન - પ્રાણ રક્ષક
૮ રાજા - આત્મદેવ રાજા
૯ દુહાઈ - આણ વર્તે કે સત્તા વર્તે

# કિર્તનનાં પદો

## સવારના ૮ થી ૧૧ ના સમય દરમ્યાન ગાવાના પદો

### પદ - ૨

રાગ :- આશાવરી

રાજા રામ જપો મેરે ભાઈ, જાકે ચૌદ લોક બડાઈ...ટેક
માગી મુક્તિ ભક્તિ કયોં ન માગી, ચિન્યા નહિ રઘુરાય;
જબ ચિન્યા તબ લેવા ન દેવા, સાધન કર લે ભાઈ....૧
જબ હરિ જાણ્યા તબ મન માન્યા, મનષા ભોગ લગાઈ;
કોટિ કોટિ તીર્થ વ્રત કીના, એક સિદ્ધિ નવ પાઈ....૨
કહેત કબીર એક સકલ સાધનમેં, જન્મો જન્મ ફરી આયા;
અબ સંત સંગત રુચિ માંગુ, જેણે હરિજશ સુજશ સુનાયા....૩

૧ મનષા - મનથી ભોગવ્યું

# કિર્તનનાં પદો

## સવારના ૮ થી ૧૧ ના સમય દરમ્યાન ગાવાના પદો

### પદ - ૩

રાગ :- મોટી આશાવરી

દેહડી થશે મિટ્ટી, મુરખ તારી બુધ્ધિ ક્યાં નાઠી..ટેક..
જીવ આયો ત્યારે શું લઈ આયો, જાશે ત્યારે નાગો
નિર્લજ્જ તુજને લજ્જા ન આવી, તને કોણ પહેરાવે વાગો[1]...૧

કુડ કપટ કરી બહુ ધન સાંચ્યા[2], સાંચ્યા ધન કોણ ખાશે,
જીવને જ્યારે જમ લઈ જાશે, ત્યાં કોણ વહારે ધાશે...૨

વેઢ વીંટી બાજુબંધ બેરખા, કંઈ ન આવે તારી સાથ
ચેતનહારા ચેતો માનવી, જાવું છે જમને હાથ...૩

ઊંચા વાસ દેખી શું ફૂલ્યો, શું મોહયો સુંદર નારી
નરસૈંયાના સ્વામીની ભક્તિ વિના, તને કોણ પમાડે મુક્તિ...૪

૧ વાગો - કપડાં
૨ સાંચ્યા - ભેગા કર્યા

## (બપોરના ૧૧ વાગ્યા પછી ગાવાનાં પદો)

### પદ - ૪

રાગ :- સારંગ

રામકો નિત્ય કીજે સુમરણ, રામ કો નિત્ય કીજે
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ, સંત સંગત મિલી પીજે ....૧

જૂઠી રે માયા મોહ વિષય રસ, મનકો ત્યાગી કીજે
હૃદયકમલમેં નિશદિન હરિ હરિ, એહી વિલંબ[૧] ન કીજે ....૨

તન મન ધન સબ મનષા વાચા, રામ સમર્પણ કીજે
કહેત કબીર ઔર નહિ માંગુ, ચરણ કમલ દત્ત[૨] દીજે ....૩

૧ વિલંબ - વાર લગાડ નહીં
૨ દત્ત - ધ્યાન

# કિર્તનનાં પદો

## (બપોરના ૧૧ વાગ્યા પછી ગાવાનાં પદો)

### પદ - ૫

રાગ :- સારંગ

મંદિર દેખ ડરે રે સુદામાજી મંદિર દેખ ડરે રે
કહાં જો ગઈ મેરી તૃણકી ઝુંપડિયા, તા ઘેર મહેલ ખડે રે..ટેક

પહેલે પ્હોરે હસ્તિ ઝૂલે, દૂજે તોરંગ ખડે રે
ત્રીજે રે પ્હોરે વસ્ત્ર જ ભારે[1], ચોથે રત્ન જડે રે....૧

જા ઘેર તાલ પખાવજ વાગે, તા ઘેર નોબત[2] વાજે
જા ઘેર રાગ છત્રીસે આલાપે, તા ઘેર અભર[3] ભરે રે....૨

ઈત ઉત જાત ફિરત હૈ સુદામાં, મનમેં સોચ કરે રે
ધામ દેખી મન ચકિત ભયો હૈ, ડરી ડરી ડગલાં ભરે રે....૩

મહેલમેં બૈઠી નાગર બ્રાહ્મણી, પંડિત આયે ઘેર રે
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકું, દારિદ્રય દૂર કરે રે....૪

૧ ભારે - કીંમતી
૨ નોબત - નગારાં
૩ અભર - છલોછલ

# કિર્તનનાં પદો

(બપોરના ૧૧ વાગ્યા પછી ગાવાનાં પદો)

પદ - ૬

રાગ :- સારંગ

ગોવિંદ નામ ધર્યો કીન તેરો ગોવિંદ નામ ધર્યો રે
દ્રુપદ સુતા કી લજ્જા રાખી, ચીર કો દાન કર્યો...ટેક...

ચાર પદારથ[1] દિયો હૈ સુદામા, તાંદુલ મુખમેં ધર્યો
સાંદીપકો સુત આન[2] દિયો હૈ, વિદ્યા પાઠ પઢ્યો રે...૧

લેને રે દેને તું હરિ દાતા, મોંસે કછુ ના સર્યો રે
સુરકી બેર કઠણ હોઈ બૈઠી, જન્મકો અંધ કર્યો રે...૨

૧ ચાર પદારથ - ચાર પદાર્થોઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ
૨ આન - આણી આપ્યો અથવા લાવી આપ્યો

## શ્રી સદ્ગુરુ ભક્તિરહસ્ય

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨
નથી આજ્ઞા ગુરૂદેવની, અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દ્રઢ, ને પરમાદર નાંહિ. ૩
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪
'હું પામર શું કરી શકું', એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬
અચળરૂપ આસક્તિ નહી, નહી વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહી તેનો પરિતાપ. ૭
ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દ્રઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮
કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહિ;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિ. ૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહિ;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩
કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન. ૧૫
સંતચરણઆશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો ઊગ્યો ન અંશ વિવેક. ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજયો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દે જ. ૨૦

-શ્રીમદ્ રાજચંદ્ર

# અમૂલ્ય તત્ત્વવિચાર

## (હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોય અરે ! ભવચક્રનો આંટો, નહિ એકકે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ? ...૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!! ...૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી, જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગતા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં ...૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધો વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં ...૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મા તારો આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદષ્ટિ ઘો, આ વચનને હૃદયે લખો ...૫

-શ્રીમદ્ રાજચંદ્ર

## અમને અંત સમયે

અમને અંત સમયે ઉપકારી લેવા આવજો રે
શ્રીમદ્ સતગુરૂ નામ છે પ્યારું, પ્રાણ જતાં પણ થાય ન ન્યારું
મનહર મંગળ મૂર્તિનાથ બતાવજો રે ..........અમને.
વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટિ કરી કાલાવાલા
આવી દીનદયાળ દયા દર્શાવજો રે ..........અમને.
વસમી અંતસમયની વેળા, વ્હારે ધાજો વિઠ્ઠલ વહેલા,
પ્રણત પાસનું પહેલા પણ પરખાવજો રે ........અમને
મરકટ જેવું મન અમારું, તત્ત્વ તોડે તાન તમારું
અંતરનું અંધારું સઘ સમાવજો રે ..........અમને
દેજો દર્શન જનમનહારી, પરકૃપાળુ વિરુદ તિહારી;
રત્નમય બલિહારી બાપ બચાવજો રે ..........અમને

## મારી નાડ તમારે હાથે

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે;
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે .......... મારી;
પથ્યા ફથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું;
મને હશે શું થાતું નાથ નિહાળજો રે .......... મારી;
અનાદિ આપ વૈદ્ય છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા
દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે .......... મારી;
વિશ્વેશ્વર શું હજી વિચારો, બાજી હાથ છતાં કાં હારો;
મહાં મુંઝારો મારો નટવર ટાળજો રે .......... મારી;
કેશવ હરિ મારી શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે;
લાજ તમારી જાશે ભૂધર ભાળજો રે .......... મારી;

# સદ્ગુરૂ સંત કબીર

સદ્ગુરૂ સંત કબીર પાયે લાગું

સદ્ગુરૂ સંત કબીર...

અબુધ જીવડો મારો માયામાં ફસાયો

લક્ષ ચોર્યાસી યોનિમાં અટવાયો

ઊગારો દીનાનાથ ..... ગુરૂ મારા સદ્ગુરૂ

જોરું, છોરુંને ભેરું કોઈ નથી મારું

ભજન વિના જીવન એળે ગયું મારું

આપો ભકિતનું જ્ઞાન ..... ગુર મારા સદ્ગુરૂ

ડગમગ ડોલે મારી જીવન નાવલડી

ભકતોના સદ્ગુરૂ કબીર કૃપાળું

ઊતારો ભવજલ પાર ..... ગુરૂ મારા સદ્ગુરૂ

## આટલો સંદેશો

આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો
સેવકના રૂદિયામાં રહેજો ...ટેક
કાયાના દેવળ અમને કાચા રે લાગે,
તેનો ભરોસો અમને દેજો...સંદેશો ....૧
કાયા પડશે ને હંસા કયાં જઈ સમાશે,
તે ઘર બતલાવી અમને દેજો...સંદેશો....૨
બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ન આવે,
તેનાં તે દર્શન અમને દેજો...સંદેશો....૩
જનમો જનમ મારા રૂદિયામાં રહેજો,
એવી તે વૃત્તિ અમને દેજો .... સંદેશો....૪
ધર્મદાસની અરજી સુણોરે ગોંસાઈ,
ભકિતને મુકિત અમને દેજો....સંદેશો....૫

## પ્રભુ દ્વાર તમારાં ખોલો રે

પ્રભુ દ્વાર તમારાં ખોલે રે, આવ્યો એક પૂણ્ય આત્મા,
આ દુનિયાની સગાઈ, એ તો પ્યારામાં પથરાઈ,
એમા આત્મા ગયો ભરમાઈ રે....આવ્યો એક
આ ચારેકોરની માયા, તેમાં સઘળા ભેદ સમાયા,
મન માનવના લોભાયાં રે....આવ્યો એક
આ કાયા કુંભ છે કાચો, સમજો તો એમાં ન રાચો,
પ્રભુ તું છે એક જ સાચો રે....આવ્યો એક
એણે સત્ કર્મ કંઈ કીધાં, એણે દુઃખ સહન કરી લીધાં,
તારા નામના અમૃત પીધાં રે....આવ્યો એક
લીધી તારા નામની માળા, હૈયે ભજી લે છેલ છોગાળા,
ઓ ગિરધારી ગોપાલા રે....આવ્યો એક
તારા હાથે છે મુજ નૈયા, તને પોકારું તરવૈયા,
તમે આવોને રખવૈયા રે....આવ્યો એક
તમે વ્હારે આવો નાથ, મારો પકડી લેજો હાથ,
પછી છોડું નહિ સંગાથ રે....આવ્યો એક
આ અવિચળ ભાનુ ચંદા, એ તારી લીલા ગોવિંદા,
ઓ જશોદાજીનાં નંદા રે....આવ્યો એક
પ્રભુ એ છે પ્રાર્થના મારી, આત્માને લેજો ઉગારી,
તમે સુણજો કૃષ્ણ મુરારિ રે....આવ્યો એક

## તમે ભાવે ભજી લ્યો ભગવાન

તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું (૨)
કંઈક આત્માનું કરજો કલ્યાણ.... જીવન થોડું રહ્યું
એને દીધેલા કોલ શું ભૂલી ગયા (૨)
જૂઠી માયાને મોહિનીમાં ઘેલાં થયાં (૨)
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન.... જીવન થોડું રહ્યું
બાળપણને યુવાનીમાં અડધું ગયું (૨)
નહીં ભક્તિના મારગમાં ડગલું ભર્યું (૨)
હવે બાકી છે એમાં ધો ધ્યાન .... જીવન થોડું રહ્યું
પછી ઘડપણમાં ગોવિંદ ભજાશે નહીં (૨)
લોભ, વૈભવને ધન તજાશે નહીં (૨)
બનો આજથી પ્રભુમાં મસ્તાન .... જીવન થોડું રહ્યું
જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો (૨)
કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો (૨)
છીએ થોડા દિવસના મહેમાન .... જીવન થોડું રહ્યું
આમ આળસમાં દિન બધા વીતી જશે (૨)
પછી ઓચિંતુ જમનું તેડુ થાશે (૨)
નહીં ચાલે તમારું તોફાન .... જીવન થોડું રહ્યું
એજ કહેવું આ દાસનું દિલમાં ધરો (૨)
ચિત્ત રાખી રણછોડને ભાવે ભજો (૨)
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન .... જીવન થોડું રહ્યું

# હે નાથ જોડી હાથ

હે નાથ જોડી હાથ, પાયે પ્રેમથી સૌ માગીએ;
શરણુ મળે સાચું તમારું, એ હ્રદયથી માગીએ.
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો;
પ્રમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો.
વળી કર્મના યોગે કરી, જે કુળમાં એ અવતરે;
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી, આપની ભકિત કરે.
લખ ચોર્યાશીના બંધનોને, લક્ષમાં લઈ કાપજો;
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો.
સુખ સંપત્તિ સુવિચાર, ને સત્કર્મોનો લઈ વારસો;
જનમોજનમ સત્સંગથી, કિરતાર પાર ઉતારજો.
આ લોક ને પરલોકમાં, તવ પ્રેમ રગ રગ વ્યાપજો;
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો.
મળે મોક્ષ કે સુખ સ્વર્ગના, આશા ઉરે એવી નથી;
દ્યો દેહ ગુર્લભ માનવીનો, ભજન કરવા ભાવથી.
સાચું બતાવી રૂપ, શ્રીરણછોડ હ્રદયે સ્થાપજો;
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો.

# સત્યનામ સદ્‌ગુરૂ

સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે

હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે

પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા (૨)

શાંતિ આપો હે પ્રમાત્મા.

આજ અમો કરીએ છે તારી પ્રાર્થના (૨)

શાંતિ આપો હે પરમાત્મા.

જન્મોજન્મના ફેરા ટાળો (૨)

મુક્તિ આપો હે પરમાત્મા.

પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા (૨)

મેક્ષની બારી ખોલો પરમાત્મા.... સત્યનામ....

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સદ્‌ગુરુ દેવકી જય.... પરમ કૃપાળુ દેવકી જય....

ત્રિલોકના નાથકી જય.... કબીરજી મહારાજકી જય....


નાદબ્રહ્મ
(રામકબીર ભકત ભજન સંગ્રહ)
સંપાદક
શ્રી રામકબીર ભકત સમાજ, અમેરિકા
Shree Ramkabir Bhakta Samaj
1816 W, Main Street
Alhambra, CA. 91801
213 - 241 - 2242